# દેશ આઝાદ થયો પરંતુ ૧૪મી ઓગષ્ટની પીડા સદીઓ સુધી રહેશે: ગોરધનભાઈ ઝડફીયા

**પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે વિભાજન વિભીષીકા સ્મૃતિ દિવસની પ્રદર્શનીનું પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઇ ઝડફીયાના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું : દરેક જિલ્લા કેન્દ્ર પર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું**

ગાંધીનગર, તા. ૧૪

આજે તારીખ ૧૪ ઓગષ્ટ એટલે કે સમગ્ર ભારતવાસીઓ માટે આજનો દિવસ ખૂબ મહત્વનો છે આજનો દિવસ દેશના ઈતિહાસમાં આંસુઓથી લખવામાં આવ્યો. ૧૯૪૭માં આજના દિવસે ભારતના વિભાજન દરમિયાન લોકોએ ભોગવેલી પીડા અને કષ્ટની યાદ અપાવે છે ૧૪મી ઓગષ્ટના આ દિવસને વિભાજન વિભીષીકા દિવસ તરીકે મનાવવાના નિર્ણયને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશવાસીઓને પ્રેરણા આપી હતી. આજના દિવસે નફરત અને હિંસાના કારણે આપણા લાખો ભાઈ-બહેનોએ વિસ્થાપિત થવું પડયું હતું." આજના દિવસે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયાએ વિભાજન વિભીષીકા સ્મૃતિ દિવસની પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું.





આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયાજીએ આ દિવસના મહત્વ અંગે જણાવ્યું કે, નવી પેઢીના લોકોને તે દિવસના દ્રશ્યો અને ઘટનાઓ, યાતનાઓ સ્મૃતિ પટલમાં આવે અને આઝાદી સમયે ભાગલાના કારણે જે દર્દ વેઠવું પડયું છે તેની અનભૂતિ થાય તે માટે દરેક જિલ્લા કેન્દ્ર પર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દિવસે બ્રિટીશર્સે જે નિર્ણય કર્યો કે જેમણે ભારતમાં રહેવું હોય તે ભારતમાં રહે જેમણે પાકિસ્તાનમાં રહેવું હોય તે પાકિસ્તાનમાં રહે આવા પ્રકારના નિર્ણયનુ પરિણામ કેવુ આવશે તેની કલ્પના તે સમયે કોઈને નોહતી.

આ કલ્પના કર્યા વગરના નિર્ણયનો સૌ એ સ્વિકાર્યો. દેશ આઝાદ થયો તેની ખુશી ૧૫મીઓગષ્ટ ચોક્કસ મળી પરંતુ ૧૪મી ઓગષ્ટ મળેલી પીડા સદીઓ સુધી લોકો યાદ રાખશે. આ જે પણ આ પીડા ભારતના માનસ પટલ પર છે અને આ નિર્ણયની પીડા અસહાય છે. ૧૪મી ઓગષ્ટ નાગરીકોએ જે પીડા સહન કરી છે તેને યાદ રાખી આ આઝાદી હંમેશા અમર રહે અને વિભાજનના કારણે દેશની કોઈ પણ પ્રજાને દર્દ ન ભોગવવું પડે તે માટેનો સંદેશ પ્રદર્શની થકી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ દિવસ પ્રજાનનો અને કાર્યકર્તાઓ સ્મૃતિ તરીકે હદયમાં સંગ્રહીને આઝાદી વધુ મજબૂત બને અને દેશ વધુ સંગઠીત થાય તેમજ આવનાર હજારો વર્ષો સુધી આવી કોઈ ઘટના ન બને તે સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર રાજયમાં પ્રદર્શન અને વિભાજન વિભીષીકા દિવસ હોલમાં કાર્યક્રમ કરી પ્રજાજનો અને કાર્યકર્તાઓ સુધી આ દિવસનો સંદેશ પહોંચે તેવા કાર્યક્રમો થશે.

આ દિવસે મશાલ રેલી અને મૌન રેલી વિધાનસભા અને જિલ્લા કેન્દ્ર પર યોજવામાં આવશે જેથી આ સ્મૃતિ દિવસ કોઈ આનંદનો દિવસ નથી પીડાનો દિવસ છે.આ પ્રસંગે પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઈ દવે, પ્રદેશ સહપ્રવકતાશ્રીઓ , ડો. રૂત્વીજ પટેલ, કિશોરભાઈ મકવાણા, પ્રદેશ સોશિયલ મીડિયાના સહ કન્વીનર મનનભાઈ દાણી, પ્રદેશ મીડિયા વિભાગના સહ કન્વીનર ઝુબિનભાઈ આશરા ઉપસ્થિત રહ્યા હતા.

# રામકથા મેદાન ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

**રાજ્ય મંત્રી મુકેશ પટેલ રાષ્ટ્ર ધ્વજ ફરકાવશે : કાર્યક્રમનું ગ્રાન્ડ રિહર્સલ જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં યોજાયું**



ગાંધીનગરઃ તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉત્સાહભેર રામકથા મેદાન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે વન – પર્યાવરણ, જળસંપત્તિ અને પાણી પુરવઠાના રાજય મંત્રી મુકેશ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપવામાં આવશે. આજે જિલ્લા કલેકટર હિતેષ કોયાની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું રિહર્સલ યોજાયું હતું.

આ રિહર્સલ દરમ્યાન જિલ્લા કલેકટર હિતેષ કોયાએ સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે યોજાનાર પરેડનું નિરીક્ષણ કર્યુ હતુ તેમજ રજૂ થનાર યોગાસન અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ નિહાળ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવો અને નાગરિકોની બેઠક વ્યવસ્થા, સુશોભન તેમજ પ્રાથમિક સુવિધાઓ જેવી તમામ બાબતો પર સ્થળ પર વિસ્તૃત ચર્ચા જિલ્લા કલેકટરશ્રીએ કરી હતી અને જરૂરી સૂચનો પણ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી, અધિક નિવાસી કલેકટર ભરત જોષી, પ્રાંત અધિકારી શ્વેતા પંડયા, નાયબ કલેકટર અર્જુનસિંહ વણઝારા, ગાંધીનગર મામલતદાર હરેશ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા ખાતે ૭૭મા સ્વાતંત્ર્યની ઉજવણી અંતર્ગત સરપંચ દ્વારા વિના મૂલ્યે ત્રિરંગાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા ના ચિલોડા મોટા ગ્રામપંચાયત ખાતે ૭૭માં સ્વાતંતત્ર્ય પર્વ ની ઉજવણી અન્વયે હર ઘર ત્રિરંગા અભિયાન માં દેશની શાન બાન યાન ગૌરવ પૂર્વક ઉજવણી માં સર્વે ભારતીય નાગરિકો સહયોગી બને તે હેતુસર ચિલોડા મોટા ગામ પંચાયત ના સરપંચ શ્રીમતી સ્વેટલ બેન જયમીન ભાઈ પટેલ તરફથી વિના મૂલ્ય વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પીએલવી નટુભાઈ પટેલ સહયોગી બન્યા





# શિહોલી મોટી ગામે NDRF ટીમ દ્વારા આખા ગામમાં તિરંગાનું વિતરણ કરાયું



NDRF ટીમ દ્વારા શિહોલી મોટી ગામ માં સરપંચ, પંચાયતના સભ્યો તથા ગામના લોકો સાથે મળીને આખા ગામમાં તિરંગાનું વિતરણ કરવામાં આવી

# ટ્રીક ટુ ક્રિએટ દ્વારા સ્વતંત્રતા પર્વની શાનદાર ઉજવણી





ગાંધીનગર, તા. ૧૪

ટ્રીક ટુ ક્રિએટ દ્વારા સ્વતંત્રતા પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. બાળકો દ્વારા નૃત્ય, દેશભક્તિ ગીત, વક્તૃત્વ વ્યકતવ્ય રજુ કરવામાં આવેલ હતું. જેમાં ભાગ લેનાર તમામ બાળકો રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ, મંગલ પાંડે, બાબા સાહેબ, કમલા નેહરુ, શિવાજી મહારાજ, કસ્તુરબા, સરોજિની નાયડુ વગેરે ડ્રેસ પહેરી વેશભૂષા રજુ કરી હતી. આ પ્રસંગે જજ તરીકે મિલાપ ટાટારિઆ ટાઈગર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર વિજેતાઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર, ઈનામ અને મેડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાથીઓને અનોખી ભેટ અપાતા વિદ્યાથીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ટ્રીક ટુ ક્રિએટના સંચાલિકા હિરલ પંડ્યા એ તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા શિક્ષિકાઓ : યાત્રી મેવાડા, જાનવી જોષી, હિમાની પરમાર અને મેહુલ પટેલની મહેનતને બિરદાવી હતી.



"હર ઘર તિરંગા" અને "મેરી મિટ્ટી, મેરા દેશ" અંતર્ગત શહેર ભાજપના યુવાનો તેમજ શહેર અને વિભાગ વી.એચ. પી. બજરંગદળના સંયુક્ત ઉપક્રમે બાઈક રેલીયોજાઈ હતી જેનું ભારત માતા મંદિરે બજરંગદળ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# હર ઘર ત્રિરંગા કાર્યક્રમ અંતગર્ત વોર્ડ નં. ૧૦માં ત્રિરંગા વિતરણ



ગાંધીનગર, તા. ૧૪

વોર્ડ -૧૦ સમાવિષ્ટ હર ઘર તિરંગા અંતર્ગત ગાંધીનગર ઉત્તર વિધાન સભાના વિસ્તાર તિરંગા વિતરણ બાકી રહી ગયેલા વિસ્તાર સેક્ટર ૬, ૭,૮ અને ૧ માં ઝંડાનું વિતરણ કર્યુ જે અંતર્ગત વોર્ડના શોપિંગ સેન્ટર અને પોલીસ સ્ટેશન ખાતે પણ તિરંગા વિતરણ કરવામાં આવ્યું વિતરણ વ્યવસ્થામાં મહાનગરપાલિકા ની વોર્ડ - ૧૦ની સમગ્ર ટીમે વિસ્તારમાં સતત ૩ દિવસ ઘર ઘર ફરીને તિરંગાનું સન્માન જળવાય તે પ્રકારનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# દેશના વિભાજનનું દર્દ ક્યારેય ભૂલી શકાય તેમ નથી : ડો. ઋત્વિજ પટેલ

**સ્વતંત્રતા દિનની પૂર્વ સંધ્યાએ 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન' અન્વયે શહેર ભાજપની મૌન મશાલ રેલી અને વિશેષ વ્યાખ્યાન યોજાયું**

ગાંધીનગર, તા.૧૪

સ્વતંત્રતા દિનની પૂર્વ સંધ્યાએ શહેર ભાજપ દ્વારા 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન' નિમિત્તે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલના કાર્યાલય ખાતે ધારાસભ્ય રીટાબેન પટેલ અને શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટની ઉપસ્થિતિમાં વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રદેશ ભાજપાના સહ પ્રવક્તા ડો. ઋત્વિજ પટેલ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ઋત્વિજ પટેલે પોતાના વક્તવ્યમાં 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન ' અંગે જણાવ્યું હતું કે, આ દિન ભારત દેશ ને આઝાદ કરવા અર્થે દેશના લાખો લોકોના બલિદાનને યાદ કરવાનો દિવસ છે પરંતુ આઝાદીની લડત બાદ અંગ્રેજોએ હિન્દૂ અને મુસલમાનોને અલગ કરવા અલગ દેશની નીતિ અપનાવી અને આ નીતિને કોંગ્રેસ અને તે સમયના પ્રથમ વડાપ્રધાનના કોઈ પણ પ્રકારના વિરોધ વિના મૂક સંમતિ થી દેશને અલગ પાડ્યા અને તેઓએ પણ અંગ્રેજો જેવી જ રમત કરી કે જેવી રીતે અંગ્રેજોએ હિન્દૂ મુસલમાનને અલગ કરી વર્ષો સુધી ભારત પર રાજ કર્યું તેનો જ પ્રયોગ કરી દેશમાં ઊંચનીચના ભેદભાવ ઉભા કરી આટલા ૭૦ વર્ષ રાજ કર્યુ.



દેશના વિભાજનનું દર્દ ક્યારેય ભૂલી શકાય તેમ નથી, અનેક નિર્દોષ નાગરિકોને પોતાનો જીવ ગુમાવવા પડ્યા હતા. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ આ પ્રસંગે પ્રમુખ રુચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ઉપરોક્ત વ્યાખ્યાન બાદ શહેર ભાજપ દ્વારા સે.૧૧ ખાતે 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન' નિમિત્તે મૌન મશાલ રેલી યોજાઈ હતી અને વિભાજનને લીધે જીવન ગુમાવનાર હુતાત્માંઓને સ્મરણાંજલિ અર્પણ કરાઈ હતી. આ કાર્યક્રમમાં મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોના સ્નેહ સહયોગ અંતર્ગત વાલી ગુમાવનાર બાળકોને ફી માટે સહાય



ગાંધીનગર, તા.૧૪

કોરોનામાં મા કે બાપ ગુમાવનાર બાળકોનું ભણવાનું ના અટકે એ માટે વિશ્વગ્રામ અને સ્વપથ ટ્રસ્ટ છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનાં ૬૦૦ જેટલાં બાળકોને 'કોરોના સ્નેહ સહયોગ' અંતર્ગત શિક્ષણ માટે આર્થિક મદદ કરે છે. એમાંના ૮૬ બાળકોનો ત્રીજા વર્ષનો ચેક અર્પણ અને સ્નેહ મિલન કાર્યક્રમ હોલી ચાઈલ્ડ સ્કૂલ, કલોલ ખાતે તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં આ બાળકો અને પરિવારો સાથે એમના અભ્યાસ અને હાલની સ્થિતિ વિશે વાતો થઈ. કોરોનાના કપરા સમયમાં પરિવારજનો ગુમાવનાર આ બાળકોને હૂંફ આપવાનું કામ કરનાર સંસ્થાના કાર્યકરો અને આ પરિવારોનું મિલન સુખ-દુ:ખની વહેંચણી થકી ખરા અર્થમાં સ્નેહ મિલન બન્યું.

# મેરી માટી મેરા દેશ અંતર્ગત રોપા વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર,તા.૧૪

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત રોપા વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન મોતીપુરા પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આચાર્યશ્રી રાજેશભાઈ પટેલ અને સેવકગણની ખુબજ વિશેષ ભૂમિકા રહી હતી. મેરી માટી મેરા દેશ કાર્યક્રમના આહવાન પર શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા નર્સરીમાંથી વિવિધ પ્રકારના રોપા જેવાકે બોરસલી, લીમડા, આવલા, લીંબુ, સપ્તપની, જાંબુ, જામફળી, કરજણ, જાસૂદ, સિતાફળી, વડ અને નિલગિરીના રોપાઓનું વિતરણ અને શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ દરેક વિદ્યાર્થીને પાંચ પ્રણની પ્રતિજ્ઞા પણ આપવામાં આવી હતી. સ્વાગત પ્રવચન પ્રચાર્યશ્રી રાજેશ ભાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા મેરી માટી મેરા દેશ અને આજાદી કયા અમૃત મહોત્સવ વિષે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. અધ્યાપક ડો. અરવિંદ રામી દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમ વિષે જાણકારી આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીને સંકલ્પ સાથે એક વૃક્ષ રોપવાનું અને તેનું જતન કરવાનું પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. અને દરેક વિદ્યાર્થીને એક વૃક્ષનું વિતરણ કરવામાં આવ્યું હતું ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સાહેબના પ્રોત્સાહન અને માર્ગદર્શન હેઠણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . સંસ્થાના રાસેયો એકમના સ્વય સેવક શ્રી ખંજન મકવાણા, ચિરાગ ઓડ, શ્રી દિગ્વિજયસિંહ વિહોલ, શ્રી પ્રતિક ભટ્ટ, , નરેશ ઠાકોર, વિરલ ચૌધરી, યશ ચૌધરી, શામળ ડાભી, ચંદ્રભાન મકવાણાની આ કાર્યક્રમમાં ખુબજ વિશેષ ભૂમિકા રહી હતી.

